ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# રાહત : એક દિવસમાં ૨૩ દર્દીઓ કોરોના મુક્ત

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યામાં આજે ઘટાડો નોંધાયો છે તેમજ આજે એક જ દિવસમાં ૨૩ દર્દીઓ કોરોનામુક્ત થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે.

શહેર-જિલ્લામાં કોરોનાનું સંક્રમણ સ્થિર થયુ છે તેવો મત તબીબી જગતની ચર્ચામાં વ્યક્ત થતો સાંભળવા મળ્યો હતો. જોકે રજાનો દિવસ હોવાથી અને ઉત્તરાયણ આવતી હોવાથી લોકો ટેસ્ટીંગ કરાવવા ઓછા નીકળ્યા હોવાનું પણ ચર્ચાઈ રહ્યુ છે.

શહેર-જિલ્લામાં કોરોનાના કેસોએ વિતેલા સપ્તાહમાં જે ગતિ પકડી હતી અને ગઈકાલે જે કેસો નોંધાયા તેના પ્રમાણમાં આજે કેસો

**કોરોનામાંથી ૬૦ થી વધુ દર્દીઓને સપ્તાહમાં ડિસ્ચાર્જ કરાયા : રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રએ કહ્યુ પાંચ ઓમિક્રોનના દર્દીઓ પણ રિકવર થતાં ડિસ્ચાર્જ કરાયા છે**

જરૂર ઓછા દેખાયા છે. નિયંત્રણોની અમલવારી પણ અસરકારક રીતે શરૂ કરવામાં આવી છે.

શહેર-જિલ્લામાં રિકવરી રેટ સારો હોવાનો દાવો તંત્રના સૂત્રો કરી રહ્યા છે. છેલ્લા એક સપ્તાહમાં શહેર-જિલ્લામાં ૬૦ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. આ ઉપરાંત ગાંધીનગરમાં નોંધાયેલા ઓમિક્રોનના પાંચેય દર્દીઓ કોરોનામુક્ત થતા ડિસ્ચાર્જ અપાયુ છે.

શહેર-જિલ્લામાં રિકવરી રેટ સારો નોંધાયો છે તેમજ હોમ આઈસોલેશન અને ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારી પણ અસરકારક રીતે થઈ રહી હોવાનું તંત્રના સૂત્રોનું કહેવુ છે. આ સૂત્રોએ જણાવ્યુ છે કે કેસો વધ્યા છે માઈલ્ડ કોરોનાના લક્ષણો દેખાયા છે. સમયસર સારવાર થઈ ગઈ હોવાથી કોઈ દર્દીનું મૃત્યુ થયુ નથી.

સિવિલમાં ૬૦૦ બેડ કોવિડના દર્દીઓ માટે ઉભી કરાશે

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યા પછી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૬૦૦ બેડની કોવિડના દર્દીઓ માટે વ્યવસ્થા કરવાની સૂચનાઓ અપાઈ છે.

આ વખતે હોસ્પિટલાઈઝેશન દર ઓછો છે. હાલ સિવિલમાં માત્ર બે દર્દીઓ ઈન્ડોર પેશન્ટ તરીકે સારવાર હેઠળ છે. મળતી વિગતો પ્રમાણે હાલ પાંચમાં માળે ૧૦૦ બેડની વ્યવસ્થા ઉભી કરાઈ છે અને જેમ જેમ જરૂરિયાત ઉભી થશે તેમ તેમ આગળની વ્યવસ્થા ઉભી કરાશે.

# શહેરની શાળાઓમાં વેક્સિનનો સ્ટોક ન પહોંચતા નારાજગી

**કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે ૧૨ થી ૧૮ વર્ષના વિદ્યાર્થીઓને કોરોના સામે રક્ષણ આપવા માટે રસીકરણ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે પરંતુ શાળાઓમાં વેક્સિનના પુરતા ડોઝ ન પહોંચતા હોવાથી વિદ્યાર્થીઓ રસીકરણથી હજુ વંચિત રહેતા હોવાનો આક્રોશ**

ગાંધીનગર તા ૮

કોરોનાના વધતા સંક્રમણના લીધે સરકારે ધો ૧ થી ૯ માં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય બંધ કરવાનો નિર્ણય લીધો છે. જયારે અન્ય વર્ગો પણ નિયત વિદ્યાર્થીઓની સંખ્યામાં જ ચાલુ રાખવ સુચવાયુ છે. આવા સંજોગોમાં ૧૨ થી ૧૮ વર્ષના વિદ્યાર્થીઓને પણ રસીકરણ હેઠળ આવરી લેવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે વેક્સિન કાર્યક્રમને શાળાઓમાં સારો પ્રતિસાદ મળી રહ્યો છે પરંતુ હાલ શાળાઓમાં સમયસર વેક્સિનનો સ્ટોક ન પહોંચતો હોવાની ફરિયાદો વાલીઓ અને શિક્ષકો માટે આક્રોશનુ કારણ બની છે.

દેશ દુનિયામાં કોરોનાના વધતા સંક્રમણે હાહાકાર મચાવ્યો છે. જેના લીધે સરકારે પણ નિયંત્રણોનો અમલ કરવા માટે ગાઈડલાઈન બહાર પાડી છે. છેલ્લા ચાર પાંચ મહીનાથી કોરોનાના સંક્રમણમાં રાહત રહેતા નાગરિકો અગાઉની જેમ રૂટીન લાઈફ સ્ટાઈલ અપનાવી હળવાશ અનુભવતા થયા હતા પરંતુ કોરોનાના નવા વેરિઅન્ટ ઓમિક્રોનની એન્ટ્રી સાથે સંક્રમણ ઝડપથી ફેલાતા જાહેરજીવનનો સિનારીયો પણ બદલાઈ રહ્યો છે. અત્યાર સુધી કોવિડ વેક્સિન માત્ર મોટેરાઓને જ આપવામાં આવતી હતી જયારે છેલ્લા કેટલાક સમયથી કોવિડની સામે રક્ષણ પુરુ પાડવા સરકારે હવે વિદ્યાર્થીઓ માટે પણ રસી આપવાનુ શરૂ કર્યુ છે. છેલ્લા ચાર પાંચ દિવસથી નગરની શાળાઓમાં ૧૨ થી ૧૮ વર્ષના વિદ્યાર્થીઓને રસી આપવા માટે કાર્યક્રમો શરૂ કરી દેવાયા છે. જયારે રસીકરણના આ કાર્યક્રમ દરમિયાન શિક્ષકો અને વાલીઓ પણ વિદ્યાર્થીઓનો પ્રોત્સાહીત કરતા શરૂઆતના તબક્કાએ જ વેક્સિન ડ્રાઈવને સારો પ્રતિસાદ સાંપડયો છે. બીજીતરફ વેક્સિનેશન કાર્યક્રમ શરૂ કરાયા બાદ હાલ વેક્સિનનો પુરતો સ્ટોક ન આવતા આ ઝુંબેશ મંદ પડી ગઈ છે. આ સ્થિતિ વચ્ચે શાળા સંચાલકો તેમજ શિક્ષકોએ પણ મુંઝવણમાં મુકાવાનો વારો આવ્યો છે. કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે ધો ૧ થી ૯ માં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય બંધ કરી દેવાયુ છે. સરકારે મુકેલા નિયંત્રણોના અંતે આગામી તા ૩૧ જાન્યુઆરી સુધી પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય બંધ રાખવા અને માત્ર ઓનલાઈન શિક્ષણ આપવા જ શાળાઓને સુચના આપવામાં આવી છે. ત્યારે શાળાએ જતા અન્ય વિદ્યાર્થીઓને કોવિડ સામે રક્ષણ આપવા માટે સમયસર વેક્સિનનો ડોઝ મળે તેવી લાગણી અને માંગણી પણ વાલીઓ તેમજ શિક્ષકોમાં પ્રબળ બની છે.

# શહેરમાં વધુ ૫૧ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાની ગતિ થોડીક ધીમી પડી છે. શહેરમાં આજે ૫૧ કેસ નવા મળી આવેલ છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૩૯૦ થવા જાય છે.

**શહેરમાં સમાવિષ્ટ સરગાસણમાં ૧૪, કુડાસણમાં ૪, પેથાપુરમાં-૩, સે.૨માં ૫, સે.૩માં ૩, સે.૪, ૯, ૧૯, ૨૪, ૮માં બે-બે કેસ નોંધાયા**

શહેરમાં કોરોનાના આજે નોંધાયેલા કેસોમાં ૧૨ દર્દીઓ ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવે છે. ત્રણ દર્દીઓ વિદેશથી પરત ફરેલા છે. બે દર્દી રાજસ્થાન પ્રવાસે ગયા હતા તો ત્રણ દર્દીઓ મુંબઈ જઈ પરત ફર્યાનું જાણવા મળેલ છે. આજે નોંધાયેલા કેસમાં એક ૩ વર્ષીય બાળક અને ૬ વર્ષીય નાની દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તંત્ર ચોંકી ઉઠ્યું છે.

આજે નોંધાયેલા દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ પણ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૩૦ કેસ

**દહેગામમાં ૧, ગાંધીનગરમાં ૧૧, કલોલમાં ૧૭ અને માણસામાં ૧ : ૧૬૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે વધુ ૩૦ કેસ નોંધાયા છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં કોરોનાના કેસોની સંખ્યા ૧૯૩ પર પહોંચી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કેસો મળવાના પગલે તંત્રની દોડધામ આજે રજાના દિવસે પણ જોવા મળતી હતી.

ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામમાં ૧, ગાંધીનગરમાં ૧૧ અને કલોલમાં ૧૭ તેમજ માણસામાં ૧ કેસ નોંધાયો છે. ગાંધીનગર

● અનુસંધાન પાન-૭ પર

# વેટ વેસ્ટ મેનેજમેન્ટ માટે મનપા જાહેરનામુ ટૂંકમાં બહાર પાડશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા એકાદ સપ્તાહમાં વેટ વેસ્ટ મેનેજમેન્ટ અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે.

ગાંધીનગર શહેરની હદ વધતાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ પછી હવે વેટ વેસ્ટ મેનેજમેન્ટનું પણ જાહેરનામુ બહાર પાડવાની કાર્યવાહી હાલ તેના અંતિમ તબક્કામાં છે. નવા વિસ્તારોમાં ગટર વ્યવસ્થાના અભાવે ખાળકુવાઓ છે આ ખાળકુવાના વેસ્ટનો નિકાલ યોગ્ય રીતે થાય તે માટે આ જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે વેટ વેસ્ટ મેનેજમેન્ટની કામગીરી કરતી એજન્સી કે સંસ્થાઓનું મનપામાં રજીસ્ટ્રેશન કરવામાં આવશે. આ માટે વેટ વેસ્ટ કલેકશન માટે અલગથી વાહનો પણ રખાશે. જેથી નિયત કરાયેલા સ્થાનો પર જ આ વેટ વેસ્ટનો નિકાલ થાય.

ગાંધીનગર શહેરને સ્વચ્છ નગર બનાવવા માટે આગામી દિવસો સ્વચ્છતા અભિયાન અંગેનું પણ આયોજન હાથ ધરવામાં આવ્યુ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

વેટ વેસ્ટ મેનેજમેન્ટના અમલીકરણ માટે એજન્સીઓ કે સંસ્થાના પ્રતિનિધિઓ સાથે પણ બેઠક કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.




ગુજરાતના કોમનમેન - ગુજરાતના સી.એમ. આજે કોમનમેન બન્યા હતા... લીંબડી-રાજકોટ માર્ગના નિર્માણનું નિરીક્ષણ કરવા પહોંચેલ મુખ્યમંત્રીએ બગોદરા પાસેના ઢાબા પર 'ચા'ની લિજ્જત માણી હતી... મુખ્યમંત્રીની સાદગી અને સહજતા સૌને સ્પર્શી ગઈ હતી... સતત ચેમ્બરોમાં બિરાજમાન ઉચ્ચ અધિકારીઓ પણ મુખ્યમંત્રીની સાથે ઢાબા પર 'ચા' પીવા કંપની આપી હતી.

# કૃષિ વૈજ્ઞાનિકોએ ખેતરમાં જીવાત વધવાની ચેતવણી આપી

**ચણા, જીરું, લસણ સહિતના પાકમાં નુકશાન**

ગાંધીનગર,તા.૮

રાજ્યના હવામાન વિભાગ દ્વારા કમોસમી વરસાદની આગાહી કરી હતી તે મુજબ ગુજરાતભરના તમામ જિલ્લામાં પણ છેલ્લા ચાર દિવસથી વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. વધુ પડતી ઠંડી તેમજ કમોસમી વરસાદના છાંટા પડવાથી હાલમાં ખેડૂતોએ રવિ પાક લેવા માટે જે વાવેતર કર્યું છે તેમાં નુકશાન થયું છે અને ખાસ કરીને ખેડૂતોને ચણા, જીરું, લસણ સહિતના પાકમાં નુકશાન થયું હોવાનું જાણવા મળી રહ્યું છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે ઉત્તર ગુજરાતમાં માવઠા થયા હતા. જેને લઈ ખેડૂતોના ઉભા પાકને નુકશાન થવાની ચેતવણી કૃષિ વૈજ્ઞાનિકે આપી છે. માવઠાને લઈને મોલો મચ્છીનો ઉપદ્રવની થવાની ચેતવણી કૃષિ વૈજ્ઞાનિકે આપી છે. મહેસાણા કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકે તમામ પાકોમાં રોગ અને જીવાતનો ઉપદ્રવ વધવાની ચેતવણી આપી છે. જેમાં જીરુંના પાકમાં કાળિયાનો રોગ થવાની શક્યતા સહિત વરિયાળીના ચરમી અને સાકરિયોનો રોગ થવાની શક્યતા અને ઈસબગુલમા મોલો મચ્છીનો રોગ થવાની શક્યતા બટાટામા સુકારા, રાઈમાં ભૂકી છારો અને

● અનુસંધાન પાન-૭ પર

આયોજક
શિવાલય GROUP
શિવાલય ગ્રુપ અને
શ્રી જલારામ અભ્યુદય સદ્‌ભાવના ટ્રસ્ટ
દ્વારા થેલેસેમીયા ના બાળકોના હિતાર્થે આયોજીત
Shree Jalaram Abhyuday Sadbhavna Trust
Thalassemia Day Care Centre
થેલેસેમીયા ના બાળકોના હિતાર્થે આયોજીત
સ્વૈચ્છિક રક્તદાન શિબિર
તારીખ : ૦૯ જાન્યુઆરી ૨૦૨૨ , રવિવાર
સમય : સવારે ૮.૩૦ થી બપોરે ૨.૩૦ સુધી
સ્થળ: ધી લેન્ડમાર્ક, લેન્ડમાર્ક ક્રોસ રોડ ,
કંસાર રેસ્ટોરન્ટની સામે, કુડાસણ, ગાંધીનગર
• રક્તદાન મહાદાન •
સંપર્ક:
આકાશ પટેલ
૯૯૦૯૨ ૮૦૬૬૬
प्रथमा

# ગાંધીનગરને ત્રણ વર્ષના લાંબા સમયના અંતે પણ ઈલેક્ટ્રીક બસો ફાળવાઈ નથી

**ગત વાઇબ્રન્ટના એક્સપોમાં મુકવામાં આવી હતી : અગાઉ તબક્કાવાર ડેપોને નવી બસો ફાળવવા માટે જાહેરાત પણ કરવામાં આવી હતી**

ગાંધીનગર તા ૮

ગાંધીનગર ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના લાંબા સમયના અંતે પણ સાકાર થઈ નથી જયારે ડેપોમાં મુસાફરોની સલામતી અને સુવિધાના નામે પણ મીંડુ ચિતરાયેલુ છે. આવા સંજોગોમાં ડેપોને ઈલેક્ટ્રીક બસો ફાળવવામાં પણ વિલંબ થઈ રહ્યો છે ત્રણ વર્ષ અગાઉ ઈલેક્ટ્રીક બસ વાઈબ્રન્ટના એક્સપોમાં મુકવામાં આવી હતી જયારે ગાંધીનગર ડેપોને પણ આ બસો તબક્કાવાર ફાળવવાની જાહેરાત કરવામાં આવી હતી પરંતુ હજુ સુધી આ મામલે કોઈ આયોજન કરાયુ નથી.

ગાંધીનગર એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના અભેરાઈએ ચઢાવી દેવામાં આવી છે અમદાવાદના ગીતા મંદિર અને રાણીપની જેમ ગાંધીનગર ડેપોને પણ વિકસાવવા માટે આયોજન કરવામાં આવ્યુ હતુ પરંતુ વર્ષોના અંતે હજુ સુધી કાંઈ થયુ નથી. ડેપોને સોહામણુ અને સુવિધાયુક્ત બનાવાની વાત તો દુર પરંતુ ડેપોમાં અવરજવર કરતા મુસાફરોની સલામતીને અનુલક્ષીને પણ કોઈ પગલા લેવાયા નથી. ડેપોમાં પોલીસ ચોકી કાર્યરત કરવા તેમજ મુસાફરલક્ષી સુવિધાઓ ઉભી કરવા માટે પણ વર્ષોથી નિરસતા સેવાઈ રહી છે. જયારે ગાંધીનગર ડેપો કક્ષાએથી શહેરી બસ સેવા ઉપરાંત અન્ય રૂટોને જોડતી બસ સેવા પણ કથળી હોવાનો આક્રોશ મુસાફરો ઠાલવી રહ્યા છે.

દોડાવાની યોજના પણ હજુ સાકાર થઈ નથી. ત્રણ વર્ષ અગાઉ ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન ઈલેક્ટ્રીક બસને એક્સપોમાં પણ મુકવામાં આવી હતી જયારે નજીકના દિવસોમાં જ ગાંધીનગર ડેપાને ઈલેક્ટ્રીક બસો ફાળવવામાં આવશે તેવી જાહેરાત પણ કરવામાં આવી હતી. જો કે ત્રણ વર્ષના લાંબા સમયગાળા બાદ પણ ડેપોમાં હજુ બસ સેવા અપગ્રેડ થઈ નથી. જયારે જાન્યુઆરી ૨૦૨૨ માં પણ ડેપોને નવી બસો ફાળવવાનુ આયોજન કરાયુ છે. પરંતુ હજુ સુધી ડેપોને નવી બસો ફાળવવામાં આવી નથી. ગાંધીનગર ડેપોમાં તબક્કાવાર નવી બસો ફાળવવા માટે આયોજન કરાયુ હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ હતુ જો કે હાલની સ્થિતિએ ડેપો કક્ષાએથી

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું

મારા સુપુત્ર

**રમેશકુમાર જુગાજી ઠાકોર**

**(હાલ, રહે. સેક્ટર-૭, ગાંધીનગર)**

**(ગામ-ઈન્દ્રોડા) નું**

તા.૦૬-૦૧-૨૦૨૨ને ગુરૂવારના રોજ વૈકુંઠધામ નિવાસ થયેલ છે.

પ્રભુ ને ગમ્યું તે ખરૂ,

**સદ્‌ગતનું બેસણું તા.૧૦-૦૧-૨૦૨૨નો સોમવારના રોજ સવારે ૯:૦૦ થી ૪:૦૦ કલાકે**

અમારા નિવાસસ્થાને રાખેલ છે.



**નિવાસસ્થાન : મુ.પો. ઈન્દ્રોડા, વાણીયાવાસ, તા.જી. ગાંધીનગર**

**મો. 97125 07004, 94261 81545**

જુગાજી નાથાજી ઠાકોર (મુખી-પિતા)
(પૂર્વ ડાયરેક્ટર હેન્ડ લુમ બોર્ડ, દિલ્હી)
(પૂર્વ પ્રમુખ, ગાંધીનગર તાલુકા કોંગ્રેસ)
(પૂર્વ ઉપપ્રમુખ, ગાંધીનગર જીલ્લા કોંગ્રેસ)
(પૂર્વ પ્રમુખ, જિલ્લા ઠાકોર સમાજ, ગાંધીનગર)
અશોકુમાર જુગાજી ઠાકોર (નાનાભાઈ)
(હાલ - U.S.A.)
મહેન્દ્રકુમાર ભીખાજી ઠાકોર (ભાઈ)
(જી.એન.સી.બી. બેંક)
અજીતજી ગાંડાજી ઠાકોર (ભાઈ)
સંજયકુમાર રાજેશજી ઠાકોર (ભત્રીજો)
જયદીપકુમાર એચ. ઠાકોર (ભત્રીજો)

હસમુખકુમાર જુગાજી મકવાણા
(લાલસિંહ ઠાકોર) (મોટાભાઈ)
(પૂર્વ કોર્પોરેટર, ગાંધીનગર મહાનગર પાલિકા)
અરવિંદકુમાર ગાંડાજી ઠાકોર (ભાઈ)
જયરાજસિંહ રમેશકુમાર ઠાકોર (પુત્ર)
પ્રિયાન્સ રમેશકુમાર ઠાકોર (પુત્ર)
વિરબાબેન મુકેશકુમાર ઝાલા (બહેન)
ફુલબાબેન પરેશકુમાર ઝાલા (બહેન)
મીનાબેન રમેશકુમાર ઠાકોર (પત્ની)
વસંતબેન ઠાકોર (ભાભી)
લીલાબેન ઠાકોર (ભાભી)

# સેવાભાવી અને પર્યાવરણ પ્રેમી નિવૃત્ત સનદી અધિકારી એચ. બી. વરિયાનું દુઃખદ નિધન

**ગાંધીનગરે સક્રિય અને ઋજુ હૃદયના વરિષ્ઠ જાગૃત નાગરિકને ગુમાવ્યા : સદગતના પુત્રના ઓસ્ટ્રેલિયાથી આવ્યાં બાદ મંગળવારે અંતિમવિધિ કરાશે**

ગાંધીનગર તા.૦૮

ગાંધીનગરના સે.૨૭માં એકતા કોલોની ખાતે રહેતા સેવાભાવી અને પર્યાવરણ પ્રેમી નિવૃત્ત સનદી અધિકારી હિરાલાલ બી. વરિયાનું ૭૩ વર્ષની વયે આજે બપોરે આશરે સાડા ત્રણ વાગ્યાના સુમારે હૃદયરોગના હુમલાને કારણે દુઃખદ નિધન થવા પામ્યું છે. તેમના પુત્રના ઓસ્ટ્રેલિયાથી આવ્યાં બાદ મંગળવારે સદગતની અંતિમવિધિ કરવામાં આવશે. અત્યારે તેમના પાર્થિવ દેહને કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવ્યો છે. સ્વ. એચ.બી.વરિયાના નિધનથી ગાંધીનગરે વધુ એક સક્રિય અને ઋજુ હૃદયના વરિષ્ઠ સજ્જન જાગૃત નાગરિક ગુમાવ્યાં છે.

સ્વ. એચ.બી.વરિયા તેમની ફરજ દરમ્યાન મહેસાણા અને સુરેન્દ્રનગર જેવા જિલ્લાઓના કલેકટર રહી ચુકવા સાથે સ્ટેમ્પ ભવનના નિયામક તરીકે અને મહેસૂલ તથા આરોગ્ય વિભાગ સહિત વિવિધ સરકારી વિભાગોમાં અનેક પદો પર તેમજ સ્પિપા જેવી સંસ્થાઓમાં તેમની સેવાઓ આપી ચુક્યા હતા. તેઓ શહેરની આત્મન્ ફાઉન્ડેશન, જાગૃત નાગરિક પરિષદ, કૈલાશ માનસરોવર યાત્રા સમિતિ સહિત અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા તેમજ પોતાની પણ ઓમકાર ટ્રસ્ટ નામની સંસ્થા પણ તેમણે



સ્થાપી તેના થકી સાબરકાંઠાના અંતરિયાળ વિસ્તારોના જરૂરિયાતમંદોને મેડિકલ સહાય ઉપરાંત ધરમપુર, ખારાખોડા જેવા વિસ્તારોના અગરિયાઓને મદદરૂપ થવાના કાર્યો કરતાં હતાં. તેઓ નિરાધાર વડિલો, ગરીબ બાળકો વગેરેની મદદ કરવા સાથે બાળ સંરક્ષણ ગૃહના બાળકોને પોતાના ઘરે લાવી ઘરની રસોઈ જમાડવા જેવી પ્રવૃતિઓ ઉપરાંત

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com